

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૪
અંક ૯

અષાડ
સં. ૨૦૧૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| | | | |
|---|---|---|---|
| ૧. | અંતરાત્મ હોરી ખેલન ! | (પાદરાકર) | ૧૩૭ |
| ૨. | શ્રી દેવકુલપાટક (મેવાડ) દેલવાડાસ્થ શ્રી ચિંતામણિ પાર્શ્વજિન સ્તુતિ | (પ્રાચીન) | ૧૩૮ |
| ૩. | ધર્મ—કૌશલ્ય : | (સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ) | ૧૩૯ |
| ૪. | કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળ | (રોમેશ કે. દીવાન) | ૧૪૧ |
| ૫. | ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજય ગણિના મનગમતા ( Favourite ) તીર્થંકર | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીઆ) | ૧૪૫ |
| ૬. | જૈન સંસ્કૃતિ : : ૨ | (અનુ૦ બહેન ઈંદુમતી ગુલાબચંદ શાહ) | ૧૪૭ |
| ૭. | જૈન શ્વેતાંબર કોન્ફરન્સ :— વીસમું અધિવેશન : ઠરાવો | | ૧૫૦ |


# સન્માન—સમારંભો

પોતાની અવિરત જ્ઞાનોપાસના દ્વારા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ ભારતીય સંસ્કૃતિના અને તેમાંએ ખાસ કરીને જૈન સંસ્કૃતિની જે બહુમૂલ્ય સેવા કરી છે તેના સન્માન અર્થે પંડિતજીએ તા. ૮-૧૨-૫૫ ના રોજ પંચોતેર વરસ પૂરા કર્યા તે નિમિત્તે તેઓશ્રીનું યોગ્ય સન્માન કરવાનો એક સમારંભ તા. ૧૫-૬-૫૭ ના રોજ મુંબઇખાતે યુનીવરસીટીના કોન્વોકેશન હોલમાં ઉપરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે ભવ્ય રીતે ઉજવાઇ ગયો.

આ પ્રસંગે સન્માન સમિતિના પ્રમુખ શ્રી મોરારજીભાઇ દેસાઈ, શ્રી દલસુખભાઈ માલવણીઆ, સમિતિના મુખ્ય મંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, કાકા કાલેલકર, ડો. રાધાકૃષ્ણન અને કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઇએ પંડિતજીની સાહિત્યોપાસના માટે અભિનંદન આપતા પ્રવચનો કર્યા હતા.

પંડિતજીના સન્માન અંગે સન્માનનિધિમાં કુલ ૧,૦૧૦૦૦ એકત્ર થયેલ તેમજ તેઓશ્રીના પ્રગટ અપ્રગટ લેખો અને ભાષણોનો ગુજરાતી તથા હિન્દી લેખોનો સંગ્રહ ત્રણ વોલ્યુમમાં પ્રગટ કરવામાં આવેલ, તે ડો. રાધાકૃષ્ણનના હાથે અર્પણ કરવાની વિધિ કરવામાં આવી હતી.

યોગ્ય વ્યક્તિનું, યોગ્ય પુરુષના હાથે યોગ્ય રીતે સન્માન કરવાનો આ સમારંભ દરેક રીતે શાનદાર અને ચિરસ્મરણીય બની ગયો હતો.

યોગ અને અધ્યાત્મ વિદ્યાના અભ્યાસી જાણીતા સાહિત્યકાર શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરના ૭૫ માં વર્ષના પ્રવેશ પ્રસંગે તેઓશ્રીનું યોગ્ય સન્માન કરવાનો એક સમારંભ મુંબઇખાતે તા. ૨૮ મી જુનના રોજ પ્રીન્સ હોલમાં માનનીય શ્રી પાટીલના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી પાદરાકરને એક અભિનંદન પત્ર એનાયત કરવામાં આવેલ, તેમ જ શ્રી રામસહાય પાંડેજી, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, મંત્રી શ્રી ગૌતમલાલ શાહ, શ્રી પોપટલાલ રામચંદ શાહ, મંત્રી શ્રી હીરાલાલ જુઠાભાઈ, પ્રમુખશ્રી પાટીલ સાહેબ આદિએ સમયોચિત વિવેચનો કર્યાં હતાં તથા અતિથિ-વિશેષ શ્રી મેઘજી પેથરાજનો આભાર માન્યો હતો.

છેવટે સંગીતની મહેફીલ ગોઠવવામાં આવી હતી, જેમાં પં. દેવેન્દ્રવિજય, શ્રી શાન્તિલાલ શાહ, સંગીતભાસ્કર માસ્તર વસંત, શ્રી શયદા વગેરેએ યોગ્ય રસલ્હાણ પીરસી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : અષાઢ [ અંક ૯

# અંતરાત્મ હોરી ખેલન!

(હોરી)

હોરી ખેલો વસંત ભયોરી !

અસંખ્ય આત્મપ્રદેશ સુરંગજ, સમ્યગ્દર્શન શેરી !
નિજ ગુણ ખેલન ભાવ વસંતે, ગુણસ્થાનક વિકસ્યોરી !
ઉજ્વળ ચાંદ ખિલ્યોરી ! હોરી

પરપરિણતી તજ સહજ સ્વભાવે, જ્ઞાન સખા મતિ ગોરી !
સુરુચી કેશર-સ્વગુણ રમણભર, છાંટો દોરી દોરી !
પરમ પ્રમોદ ભયોરી ! હોરી

ધ્યાન સુધારસ, પાન મગનતા, સહજ સ્વસંયોગ લહ્યોરી !
રીઝ એકત્વતા, તાનમેં બાજે, સન્મુખ યોગ લહ્યોરી !
અનહદ વાદ્ય બજ્યોરી ! હોરી

શુકલધ્યાન હોરી કી જ્વાલા, કર્મ કઠોર જલ્યોરી !
શેષ પ્રકૃતિદલ ક્ષીરણ નિર્જરા, ભસ્મ ખેલત અતિ જોરી !
સુમતિ સખિ તાલી દીયોરી ! હોરી

નિજ ગુણ રંગ, નિજાતમ કુંડી, સભર સમ્યક્ત્વ ભર્યોરી !
અપૂર્વ વીર્યોલ્લાસ પરમપદ, પીચકારી ઉછર્યોરી !
સુમતિ લાલન રંગ શેરી ! હોરી

સબ સખિયન નય-નિક્ષેપાદિ, આવત હીલ-મીલ-ટોરી !
રંગત લાલ સુરંગ મણિમય, રસ બસ અંગ કર્યોરી !
અલખલખ મસ્ત ભયોરી ! હોરી

પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી દેવકુલપાટક( મેવાડ ) દેલવાડાસ્થ
# શ્રી ચિંતામણિ પાર્શ્વજિન સ્તુતિ

[ સંગ્રાહકઃ-પૂ. શાન્તમૂર્તિ શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજશ્રીના સુશિષ્યા પ્રવર્તની સાધ્વીશ્રી લાભશ્રીજીના સુશિષ્યા સાધ્વીજી કાન્તાશ્રીજીના સંગ્રહમાંથી પ્રાપ્ત થયેલ પ્રાચીન અપ્રસિદ્ધ હસ્તલિખિત પાના ઉપરથી ]

## ॥ श्रीचिन्तामणि पार्श्वनाथस्तुति ॥

नमद्देवनागेन्द्रमन्दारमाला,-मरिन्दच्छटाधौतपादारविन्दम् ।
परानन्दसंदर्भलक्ष्मीसनाथं, स्तुवे देवचिन्तामणिपार्श्वनाथम् ॥ स्तुवे० ॥१॥

तमोराशिवित्रासने वासरेसं, हतक्लेशलेशं श्रियांसनिवेसं ।
क्रमालिनपद्मावतिप्राणनाथं, स्तुवे देवचिन्तामणिपार्श्वनाथं ॥ स्तुवे० ॥२॥

श्रीनिवासं नवांभोदनीलं, नतानां स्वश्रीदानदानेशलिलं ।
त्रिलोकस्य पु(पू)ज्यं त्रिलोकस्य नाथं, स्तुवे देवचिन्तामणिपार्श्वनाथं ।स्तुवे।३।

हतव्याधिवैतालभूतादिदोषं, कृताशेषपुण्यावलिपुन्यपोषं ।
मुखं श्रीपराभूतदोषं धिनाथं, स्तुवे देवचिन्तामणिपार्श्वनाथं ॥ स्तुवे० ॥४॥

नृपस्याश्वसेनस्य च सेवतंसं, जनानामनामानस्ये राजहंसं ।
प्रभावप्रभावाहिनिसिन्धुनाथं, स्तुवे देवचिन्तामणिपार्श्वनाथं ॥ स्तुवे० ॥५॥

कलौ भाविनी कल्पवृक्षोपमानं, जगत्पालने संततिसावधानं ।
चिरं मेदपाटस्थितं विश्वनाथं, स्तुवे देवचिन्तामणिपार्श्वनाथं ॥ स्तुवे० ॥६॥

इति नागेन्द्रनरामर-वंदितपदांभोजप्रवृतेजा ।
देवकुलपाटकस्थः स जयति चिन्तामणिपार्श्वः ॥ स्तुवे० ॥७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## Silver-Lining
## આફતમાં આધાર

**કાળી વાદળીમાંથી રૂપેરી ચમકારો શોધવો-એ મુશ્કેલ છતાં હિતકારી છે.**

આ પ્રાણીના સંબંધમાં આપત્તિ આવવી મુશ્કેલ નથી. ઘણા તો સંપત્તિમાંથી વિપત્તિમાં પણ પડે છે. અને કોઇને એક આફતમાંથી બીજી આફતમાં પણ પડતા જોઇએ છીએ. આપણને ખરેખર ખેદ થાય એવી પરિસ્થિતિમાં ઘણાને આવી પડતાં જોઇને આપણને ખેદ થાય છે અને આપણને લાગે છે કે એ માણસને આવી આફત ન જોઇએ. પણ આપણને એનો માર્ગ સૂઝતો નથી અને આપણે આપત્તિને અંગે કાંઇ કરી શકતા નથી. શા માટે આપણને વિપત્તિમાંથી માર્ગ સૂઝતો નથી, એનાં કારણો આપણે જાણતાં નથી અને વિપત્તિમાં સમજ્યા કરવામાં આવે છે ત્યારે આપણે વિચારમાં પડી જઇએ છીએ. અને આપત્તિ ઉપર જ વિચાર કરીએ છીએ અને આફત, આફત અને આફત આપણી નજરમાં પડી આવે છે ને વિષમ સ્થિતિ થઇ જાય છે. આ પરિસ્થિતિ યોગ્ય નથી કારણ કે તેના રસ્તા હોય છે જેના ઉપર નજર પડતી નથી. આ પરિસ્થિતિ યોગ્ય નથી એમ કેટલીક વખત લાગી આવે છે એનો રસ્તો કાઢવો જોઇએ, તેના ઉપર ધ્યાન આપવાની બહુ જરૂર રહે છે

આ રીતે વિચાર કરતાં જણાશે કે દરેક આપત્તિમાંથી બહાર નીકળવાની, અથવા એ આફતમાં મુંઝાઈ ન જવાની હકીકત બહુ જરૂરી છે, અને એ જ દરેક આફતમાં રૂપેરી દોરી છે.

બે રીતે એ સવાલનો નિર્ણય શક્ય છે. એક તો આફતને આફતરૂપ ન માનવી અને બીજું આફતમાં રૂપેરી દોરી એટલે આફતમાંથી બચવાનો માર્ગ છે એમ બરાબર માનવું. આ માન્યતા કલ્પિત નથી, એ તો આવડતની સાદી વાત છે અને એને શોધી કાઢવામાં હુશિયારીનો ઉપયોગ કરવાનો છે. એ મળવી મુશ્કેલ છે પણ દરેક આપત્તિમાંથી છટકબારી તો જરૂર હોય છે અને એને શોધી શકાય છે એ ચોક્કસ વાત છે. આટલી વાત સ્વીકારવામાં આવે તો આફત આપત્તિરૂપ લાગતી નથી અને તેનો બોજો હોય તે પણ હળવો બનતો જાય છે અને જીવન જીવતું જાગતું અને નાચતું લાગે છે. અને આ સંસારમાં માન વધે છે, તેવા પ્રકારનું જીવન ભારરૂપ કે વેદરૂપ લાગતું નથી. અને આફતને પણ વટાવી દેવામાં આવે છે એટલે તે આપત્તિરૂપ આપત્તિ લાગતી નથી. આમાં વિદ્યા અને આવડતનો ઉપયોગ હોઈ તે જીવનનો અતિ મહત્ત્વનો વિષય છે. અને જો આવડતનો ઉપયોગ કરવામાં આવે તો જ એ રીતે કામ થાય છે અને જીવન હળવું બની જાય છે. આ જીવનને હળવું બનાવવાનો એ સરળ રસ્તો છે અને તે રીતે જીવનનો ઉપયોગ સારી રીતે થાય છે અને જીવન ઠીક બને તો આપણો મુદ્દો સિદ્ધ થાય છે. એ મુદ્દો સિદ્ધ કરવામાં આવડત જરૂર ઉપયોગી ભાગ ભજવે છે, પણ એમાં વ્યવહારુ થવાનો પ્રયાસ કરવો અને રૂપેરી દોરી શોધી કાઢવી એમાં બહાદુરી સમાયેલી છે.

It is hard *to recognise the silver-lining* but it always pays.

*"Thoughts of the Great."*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# Rebuke

## ઠપકો ખાઇ લેવો

**સાચો ઠપકો ઠાવકાઇથી ખાઇ લેવો—એ મુશ્કેલ છતાં લાભકારક વાત છે.**


દરેક કાર્યમાં ઠપકો સાંભળવો પડે તે સાંભળવા લાયક તો ન જ લાગે, એ સામાન્ય વાત છે, પણ તે સાંભળી શકનાર અને તે (ઠપકા)ને ઝીરવનાર ઓછા માણસો હોય છે. ઠપકો આપનાર કોણ છે? સમાજમાં એનું સ્થાન શું છે? અને એણે આપણને ઠપકો શા ઇરાદાથી આપ્યો છે? એના ઉપર એનો આધાર રહે છે. એ તો જાણીતી વાત છે કે ઠપકો જરૂર દેવા લાયક છે. એને સાચા સ્વરૂપમાં સમજનાર જવલ્લે જ હોય છે. ઘણાંખરાં માણસો તો ઠપકા સામે તાડૂકી ઊઠે છે અને પોતાથી બની શકે તેમ હોય તો ઠપકો આપનારની સ્થિતિ કફોડી કરી મૂકે છે. પણ સૂત્રમાં તો કહે છે ઠપકો પ્રેમપૂર્વક એટલે ઠાવકાઈથી સાંભળનાર માણસો મળવા મુશ્કેલ છે, એનું કારણ સમજી લેવું વધારે મુશ્કેલ છે, અને એવા માણસો ઓછી સંખ્યામાં જોવામાં આવે છે. પણ ઠપકો સાંભળવાની મુશ્કેલી તો છે જ, તેમાં પ્રેમપૂર્વક ઠપકો સાંભળવાની વાતો વધારે મુશ્કેલી ઉત્પન્ન કરે છે અને વધારે એમાં મુશ્કેલી હોવાને કારણે એ વાતને અત્રે મહત્ત્વ આપવામાં આવ્યું છે. એવી રીતે અવલોકન કરવાનું પરિણામ અત્રે જણાવ્યું છે કે સાવધાનીપૂર્વક ઠપકો સાંભળી લેવો એ અતિ મુશ્કેલ કાય છે એટલે ઠપકાને ઠપકા તરીકે સ્વીકારવાનો આ કારણે આવશ્યક્તા ઉત્પન્ન થાય છે. એની મુખ્ય બાબત એ છે કે ઠપકો ખાઈ જવો અને તે કાર્ય (gracefully) કરવું એ અતિ ઘણું મુશ્કેલ છે. ચાલતી વખતે પથ્થરને લાત મારવા જેવું ઘણાં કરી બેસે છે અને ઠપકો આપનારના ઈરાદા વિષે અનેક જાતની શંકાઓ મનમાં કરે છે. આ સર્વ ગાંડી વાત છે અને સરિયામ મૂર્ખાઈ છે, એટલું જો સમજવામાં આવી જાય તો ઠપકો આપનાર માટે શંકા કરવાનું અથવા તો ઠપકો આપનારની પવિત્રતા કે પ્રામાણિકપણા માટે શક રાખવાનું કારણ ન જ રહે અને સમાધાન થઈ જાય. આ દિવા જેવી લાગતી વાતમાં શંકાને સ્થાન અથવા અવકાશ નથી જ. એને બદલે જેઓ ઠપકો આપનારની ઉપર કોઈપણ પ્રકારની શંકા લઇ જાય છે તે ચાલતા ઠેસ લાગવાથી પથ્થરને લાત મારવા જેવું ભયંકર કાર્ય કરી બેસે છે અને જગત તેને હસે છે અને ઠપકો આપનારની કીર્તિમાં આપમેળે વધારો થઇ જાય છે. ઠપકો આપવો તે સદા માટે મુશ્કેલ છે. ઠપકો આપવાની પોતાની યોગ્યતા સંબંધમાં અને ઠપકો પ્રેમપૂર્વક ઝીરવવાની પોતાની શક્તિમાં તેટલા માટે પ્રત્યેકે વધારો કરવો જોઇએ અને પોતાની શક્તિનો વિકાસ કરવો જોઇએ. એમ કરવામાં જે પાછીપાની કરે છે અથવા અખાડા કરે છે તેને આ દુનિયામાં સ્થાન નથી એવું અનુભવીઓ કહે છે, તો પ્રેમપૂર્વક અપાયેલા ઠપકાને પ્રત્યેક માણસે ઝીરવવાની શક્તિ પ્રાપ્ત કરવી જોઇએ.

It *is hard to accept just rebuke gracefully but is pays.*

*" Thougets of the Great"*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય
## અને
# ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળ

લેખકઃ–શ્રી રમેશ કે. દિવાન B. A. LL. B.

ગુજરાતના મહાન્ જ્યોતિર્ધર અને મહાન્ સંસ્કૃતિધર વિદ્વાન્, વિશ્વમહાવિભૂતિસ્વરૂપ, સમર્થ સુધારક, અગ્રગણ્ય પ્રજાસેવક અને યુગાવતાર એવા કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો જન્મ વીર સંવત ૧૧૪૫ ધંધુકા મુકામે ચાચ શેઠને ઘેર પાહિની-ની કૂખે થયો હતો. બાળપણમાં એનું નામ ચાંગદેવ રાખવામાં આવ્યું હતું. એના સ્વભાવ, શરીર–સૌષ્ઠવ, ચેષ્ટા, ભવ્યતા અને પ્રતિભાએ એ સમયમાં થઇ ગએલા જૈનમુનિ શ્રી દેવચંદ્રાચાર્ય પર ઊંડી અસર પાડી હતી અને એ સુપુત્રની માગણી કરતાં એની માતા પાહિનીએ અમિતગુણપાત્ર એ પુત્રરત્નને ગુરુજીને સમર્પણ કરી દીધો હતો. સમયાનુસાર ચાંગદેવનો દીક્ષામહોત્સવ થયો અને એ અવસરે દેવચંદ્રાચાર્યે આ બાળકનું નામ ' સોમચન્દ્ર ' રાખ્યું. તર્કલક્ષી સાહિત્ય, વ્યાકરણ, યોગ, કાવ્ય, અનેક વિદ્યાઓ, તત્ત્વજ્ઞાન અને શબ્દશાસ્ત્ર વગેરેનું વાંચન ઘણા થોડા સમયમાં કર્યું અને આવા અગાધ પાંડિત્યથી પ્રસન્ન થઈ ગુરુમહારાજે સોમચન્દ્રને આચાર્યની પદવી આપી. સોમચન્દ્રની હેમની જેવી કાન્તિ અને ચંદ્રનો સમાન આહ્લાદકતા હોવાથી 'હેમચંદ્રાચાર્ય' નામ પાડ્યું.

હેમચંદ્રાચાર્યની ઇચ્છા તો ભારતવર્ષમાં નામના મેળવવાની હશે પરંતુ પોતાના ગુરુના આદેશ અનુસાર તેઓ ઘણુંખરું ગુજરાતમાં વિહાર કરતા રહ્યા અને લાંબા આયુષ્યકાળમાં ગુજરાતને અનેક રીતે સમૃદ્ધ બનાવ્યું. આજે આપણું દુર્ભાગ્ય છે કે એમના જીવનના ઘણા પ્રસંગો વ્યવસ્થિત રૂપે મળી શકતા નથી. સતત સરસ્વતીની આરાધના કરનાર અને પરિશ્રમ-શાસ્ત્રી આ વિદ્વાન્ મુનિમહારાજે કેવી રીતે અભ્યાસ કર્યો, કોની કોની પાસે કર્યો, પુસ્તકોની રચના કેવી રીતે કરી–એ સઘળી માહિતી જો આપણને મળી શકી હોત તો આચાર્યનું જીવન વધારે પ્રતિભાશાલી અને પ્રભાવશાલી લાગત. તે છતાં તેમની કૃતિઓમાં-થી લાગે છે કે મન, વાણી અને કર્મ ઉપરનો સંયમ એ જ એના જીવનનું રહસ્ય અને એ જ એના જીવનની સિદ્ધિ.

ધર્મ, રાજનીતિ અને સરસ્વતી.–એ ત્રણે મહાન્ પ્રવૃત્તિઓનું કેન્દ્ર તે વખતે પાટણ હતું. અને એથી હેમચંદ્રાચાર્યની પ્રવૃત્તિઓનું મુખ્ય સ્થાન પણ પાટણ જ થયું. તેઓ જ્યારે પાટણમાં આવ્યા ત્યારે સિદ્ધરાજ જયસિંહની કીર્તિ અને શૌર્ય ગુજરાતમાં અસાધારણ હતા. વિદ્વાન્ અને વિદ્યારસિક આ રાજાને ગુજરાતના સુભટો, સાધુઓ, સુંદરીઓ અને સરસ્વતીપુત્રો–સઘળાં જ મહાન્ હોય એ જોવાની ભારે ઉત્કંઠા હતી. સિદ્ધરાજે જ્યારે એક વખત માર્ગમાં નયનાનન્દ એવા હેમચંદ્રા-ચાર્યને જોયા ત્યારે તેઓને રાજસભામાં આવવા આમંત્રણ આપ્યું અને ગુરુમહારાજે રાજસભામાં પ્રવેશ કર્યો. રાજા આ ગુરુમહારાજના પાંડિત્ય, દૂરદર્શિતા, વિદ્વત્તા અને શબ્દસુંદરતા જોઇ એના પ્રત્યે ઘણા જ આકર્ષાયા. એમની સાથે રાજાએ પ્રસંગોપાત ધાર્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચર્ચાઓમાં નવીન વ્યાકરણ રચવા વિનંતી કરી. હેમચંદ્રાચાર્યે અનેક શાસ્ત્રોનું અવગાહન કરી સવાલાખ શ્લોકોનું વ્યાકરણ 'શ્રીસિદ્ધહેમ' રચ્યું. પહેલી જ વખત ગુજરાતના માનવીઓને ગુજરાતી વિદ્વાનનું લખેલું વ્યાકરણ ભણુવા મળ્યું.

આ ઉપરાંત આચાર્યશ્રીએ એમના લાંબા જીવનમાં અનેક ગ્રન્થો રચ્યા જેમાંનાં મુખ્ય નીચે પ્રમાણે છે; અભિધાનચિન્તામણિ, અલંકારચૂડામણિ, કાવ્યાનુશાસન, છન્દોનુશાસન, દ્વયાશ્રયકાવ્ય, દેશીનામમાલા, યોગશાસ્ત્ર, લિંગાનુશાસન અને શબ્દાનુશાસન વગેરે. વ્યાકરણ, કોષ, સાહિત્ય, કાવ્ય, અલંકાર અને છંદરચના કરી કાવ્યોનું પ્રયોજન, પ્રતિભાગુણ, રસ વગેરે લક્ષણોને એમના ગ્રન્થોમાં પ્રદર્શિત કરી માતા ગુર્જરીને આભરણ-ભરિત કરી હતી. આઠસોથી નવસો પહેલાંના દેશી શબ્દોના રૂપ કે જે બોલવામાં આવતા હતા પણ જેના પ્રયોગ અપ્રચલિત હતા તેને ગ્રન્થરૂપમાં ફેરવવાથી દેશીનામમાલા કોશની રચના જોવા આજે આપણે સમર્થ થયા છીએ. માત્ર એક કરતાં અનેક ગ્રન્થો રચી ગુજરાતની ભાષાને, ગુજરાતી સંસ્કારને અને ગુજરાતી પ્રજાને નવીન ઓપ આપી ગુજરાતની અમૂલ્ય સેવા કરી, ગુજરાતને વિદ્યા પ્રત્યે અભિરુચિ ધરાવતું કર્યું અને સમન્વયધર્મી બનાવ્યું. સહિષ્ણુતા અને ઉદારતા એ બે મહાન્ ગુણો આજે પણ ગુજરાતના સ્વભાવમાં દેખાય છે તે હેમચંદ્રાચાર્યના કારણરૂપ છે.

હેમચંદ્રાચાર્યના જીવનકાલ દરમ્યાન ગુજરાતના સૌથી સમર્થ એવા બે મહાન્ નૃપતિઓમાંના એક હતા રાજા કુમારપાળ. કુમારપાળે ગુજરાતની મહત્તા સાચવી, પોષી અને વધારી. ગુજરાતના જીવન પર ચિરસ્થાયી જૈન દર્શનને ઉત્તેજન આપી ગુજરાતની સંસ્કારિતાને વધુ વેગ આપ્યો. જન્મથી રાજ્યાભિષેક થયો ત્યાં સુધીના ૫૦ વર્ષોનો કુમારપાળનો જીવનકાલ અનેક વિટંબણાઓથી ભરેલો હતો. એમણે પારાવાર કષ્ટો સહન કર્યાં હતાં અને સાહસો કેળવ્યા હતા. સિદ્ધરાજે મોકલેલા રાજપુરુષોથી બચવા એક સ્થળેથી બીજે સ્થળે ગુપ્ત વેશે ભ્રમણ કરતા હતા ત્યારે ખંભાતમાં એક વખત હેમચંદ્રાચાર્ય પાસે આવી ચઢ્યા. ગુરુમહારાજે પ્રેમપૂર્વક સત્કાર કરી તેને સંતાડી રાખી તેના પ્રાણ બચાવ્યા. કુમારપાળ સિદ્ધરાજ પછી રાજ્યની ગાદીએ આવશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી અને એ વચનાનુસાર થોડા સમયમાં કુમારપાળનો રાજ્યાભિષેક થયો.

કુમારપાળ રાજા સિદ્ધરાજ સમાન વિદ્વાન્ અથવા વિદ્યારસિક ન હતા પણ ધર્મ અને વિદ્યા પ્રત્યે તેને પ્રેમ હતો. તેઓ સ્વભાવે વિનમ્ર હતા અને દેશદેશાંતરોમાં રખડવાથી અનુભવી બન્યા હતા. એના દરેક કાર્યમાં હેમચંદ્રાચાર્યની સહાનુભૂતિ હતી. (જેવી રીતે એક ચિત્રકાર કુશળ હોય પણ ભૂમિકા ખરાબ હોય અને ભૂમિકા સારી હોય અને ચિત્રકાર કુશળ ન હોય તો કાર્યસિદ્ધિ નથી. તેવી રીતે) એક મહાન્ કાર્ય કરવા હેમચંદ્રાચાર્ય અને કુમારપાળના જીવન ઓતપ્રોત થઈ ગએલા જોવામાં આવે છે. કુમારપાળના રાજ્ય દરમ્યાન હેમચંદ્રાચાર્ય ન હોત તો ખરેખર ગુજરાતનો ઇતિહાસ જુદો જ લખાયો હોત. કુમારપાળ અને હેમચંદ્રાચાર્યના સાત્વિક સંબંધે ગુજરાતને વિવેકી જીવન શિખવાડ્યું. કુમારપાળ રાજા જ્યારે જ્યારે કોઇ મુશ્કેલીનો પ્રશ્ન ઊભો થતો ત્યારે અથવા કોઇ અણઉકેલ પ્રશ્ન ઊભો થાય ત્યારે તેઓ હેમચંદ્રાચાર્ય પાસે જતા અને આચાર્ય એ પ્રશ્નોનો સચોટ ઉકેલ પોતાના ચાતુર્યથી આપતા અને એ મુનિમહારાજની આજ્ઞા અનુસાર સુરાજ્ય સ્થાપવામાં તેઓ સફળ થયા.

હેમચંદ્રાચાર્યની ગંભીરતા, સચ્ચારિત્રતા અને ધર્મપરાયણતાનો કુમારપાળ ઉપર વધારે પ્રભાવ પડ્યો અને એથી જૈન ધર્મ પ્રતિ તેની સત્કારબુદ્ધિ એ વિશેષ દ્રઢતા ધારણ કરી. આચાર્યે રાજાને અહિંસાનો સિદ્ધાંત સમજાવ્યો અને રાજાએ પોતાના રાજ્યમાં અમારીઘોષણા કરાવી. એ અમારીઘોષણા 'જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મે તેને જીવવાનો હક્ક ' એમ કવિ ન્હાનાલાલના શબ્દોમાં કહી શકાય. તેમજ કંટકેશ્વરી દેવીના મંદિરમાં બલી આપવામાં આવતી પ્રથાને બંધ કરી. હેમચંદ્રાચાર્ય પ્રત્યે કુમારપાળને અટલ ભક્તિ હતી અને એથી તેમના ઉપદેશને શ્રવણ કરી પોતાના જીવનમાં ઉતારી ગુજરાતને ઉન્નત કર્યું. શિકાર, જૂગારખાનાં, દારૂનાં પીઠાં અને એને લગતી અનેક પ્રવૃત્તિઓ પર સખ્ત અંકુશ મૂકયાં. નિર્દયતાવાળી પ્રવૃત્તિ જેવી કે ગેંઢાં, પાડા, કુકડા વગેરેને લડાવી કમાણી કરનારા અને સ્વતંત્રપણે વિહાર કરતાં પશુઓને પકડી વેચાણ કરનારાઓ સામે (રાજ્યબંધારણો) કડક નિયમનો ઘડ્યાં. પ્રજાની ખેતી અને સમૃદ્ધિ વધે તે માટે અનિષ્ટ વ્યાપારો બંધ કરાવ્યા. તળાવો, ધર્મશાળાઓ અને વિહારો બંધાવ્યા. રાજાએ બંધાવેલ ત્રિભુવનવિહાર, કુમારવિહાર, મૂષકવિહાર વગેરે તે કાલના શિલ્પનો આપણને ખ્યાલ આપે છે.

આવી રીતે પ્રજાકીય તંદુરસ્તી માટેનાં લોકકલ્યાણકારક કાર્યો કરી કુમારપાળ રાજર્ષિ બન્યા. રાજાના સામાન્ય ધર્મ ઉપરાંત જૈન ધર્મ અને આચારના જે મુખ્ય રત્નો છે તે પ્રત્યે હેમચંદ્રાચાર્યે કુમારપાળને જાગૃત કર્યા. અને એ જાગૃતિએ ગુજરાત પર ચિરસ્થાયી સંસ્કાર મૂકયા (અને એમાં બે મહાન્ પુરુષોએ મોટો ફાળો આપ્યો.) કુમારપાળને સાંપ્રદાયિક અંધશ્રાદ્ધામાં હેમચંદ્રાચાર્યે લેશમાત્ર દોર્યા નથી. આથી એના જીવનમાં સમગ્ર ધર્મદર્શનના મૂળ તત્ત્વોના બે જીવનઆધાર મુખ્ય તત્ત્વો–સત્ય અને અહિંસા–વધારે આગળ પડતા તરી આવ્યા. રાજાની રાજનીતિ અને ધર્મનીતિ એકમેકમાં વણાઇ ગયેલી દેખાય છે. રાજધર્મ, માનવધર્મ અને સાધુધર્મ એ ત્રણે ધર્મની એકસંગતા એમના જીવનમાં અને રાજ્યમાં ગુંથાઈ ગયેલી આપણને માલૂમ પડે છે. કોઈ પણ ધર્મને અનુસરવા માટે બીજા ધર્મને લઘુ બનાવવો એમાં કૂપમંડૂકતા અને ધર્મનું પતન જ એમ કુમારપાળ માનતા હતા અને તેથી સર્વધર્મ પ્રત્યેની એમની સમભાવના એની મહત્તાને વધારે શોભાવે છે. સોમનાથ મંદિરનો પુનરુદ્ધાર કરી કુમારપાળ રાજાએ વિશાળ ધર્મભાવના દર્શાવી છે.

કુમારપાળે પોતાના રાજ્યમાં જીવદયા અને અહિંસાનો પ્રચાર કર્યો. ધાર્મિક અને શ્રદ્ધાવાન બની સર્વધર્મના નિયમોનું પાલન કર્યું તેમજ દરેક ધર્મને સરખું માન આપી ઉમદા જીવન જીવી પ્રજાને સુખી અને સંતોષી કરી. ગાદીએ આવ્યા ત્યારે જે લોકોએ એમની રખડપટ્ટીમાં સહાય આપી હતી તેમને યોગ્ય બદલો વાળી આપ્યો અને કૃતજ્ઞશિરોમણી બન્યા. આચાર્યના સચોટ, નિષ્પક્ષપાતી, સરલ અને સત્ય ઉપદેશને અનુસરી ઉપર પ્રમાણે વિવિધ સામાજિક કાર્યો કર્યાં તેમજ જૈન મંદિરો વગેરે બંધાવી ધાર્મિક કાર્યો કરી તન, મન, ધન અને વચનથી ગુજરાતની પ્રજાની સેવા કરી. આથી નૃપતિ કુમારપાળ ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળની નામના મેળવવા યોગ્ય બન્યા.

હેમચંદ્રાચાર્ય જેવી શક્તિ તે જમાનામાં ઘણા ઓછા મનુષ્યોમાં હતી અને પરિસ્થિતિને અનુકૂલ થવા છતાં તેમને અણિશુદ્ધ ચારિત્રબળ બતાવ્યું છે. એમના જીવનમાં એક પણ પળ વ્યર્થ ન ગઈ હોય અને એમનું જીવન કેટલું નિયમિત હશે એ એમને રચેલી કૃતિઓથી પરથી કલ્પી શકાય એમ છે. ભક્તિ, શ્રમ, ઉલ્લાસ એ ત્રણના દર્શન કરાવી, એના પર યોગી જેવો સંયમ રાખી, નરનારીના અનુપમ વર્ણનો ચીતરી, તેમાં અલિપ્ત રહી જીવનકલાની સિદ્ધિ પ્રાપ્ત કરી સાધુ અને સંયમમાર્ગને અનુસરી રાજ્યકાર્યમાં રસ લેતા અને રાજ્યમંદિર તેમજ રાજ્યપરિવારમાં આવી કુમારપાળને પ્રતિબોધી આખાયે દેશનું કલ્યાણ કરવા તેઓ વિજયી નિવડ્યા. દેશના ધર્મગુરુ તરીકે ગુજરાતને શુદ્ધ અને સાત્વિક ધર્મની શિક્ષા આપી. રાજગુરુ તરીકે સિદ્ધરાજ અને કુમારપાળને રાજધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું. ગુજરાતને સાહિત્યનો અદ્વિતીય ખજાનો ભેટ આપ્યો. ગુજરાતના સાહિત્યનો નવયુગ સ્થાપી, ગુજરાતી લોકોને એકતાનો અર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજાવી ગુજરાતી અસ્મિતાનો પાયો નાખ્યો. ગુજરાતની ભાષા અને સંસ્કાર, એના સાહિત્ય અને વ્યવહારવિવેક, એની પ્રણાલિકા અને એની ભાવના-વૃત્તિએ સર્વ ઉપર આજે ગુજરાતમાં હેમચંદ્રાચાર્યની સંપૂર્ણ પ્રતિભા અને ન ભૂંસાય એવી છાપ પાડી છે. પ્રજાની નસેનસમાં રમતી શુદ્ધ પ્રેમની, સૌન્દર્યની, પરાક્રમોની, સ્ત્રીઓના પ્રેમનીં, શૃંગારની, વીરતાની અને સુંદરીઓની ગાથા એમના લખાણુમાં દેખાઈ આવે છે. પવિત્રતાની અખંડ મર્યાદા લોકોને દર્શાવી, વિશ્વસાહિત્યમાં સ્થાન હોય એવા વિદ્વાનો ગુજરાત પાસે થોડા છે અને તેમાં હેમચંદ્રાચાર્યનું સ્થાન છે એમ કહેવું જરાએ અતિશયોક્તિભર્યું નથી. આવી વિભૂતિઓ કોઇ વખત આ પૃથ્વી પર જન્મ લે છે અને જન્મે છે ત્યારે સમયને ફેરવી નાખી પ્રજાને નવી શક્તિ, નવી દૃષ્ટિ, નવું જીવન તથા નવું મૂલ્યાંકન આપે છે. અને યુગપુરુષ તરીકે જીવન જીવી જાય છે. આ સઘળું હેમચંદ્રાચાર્યે એમના યુગમાં લોકજીવનમાં આપેલું છે આથી એમને મહાન્ આચાર્ય, મહાન્ કવિ, મહાન્ પંડિત, મહાન્ સેવક એ સઘળા કરતા 'કલિકાલસર્વજ્ઞ' કહેવા એ જ યોગ્ય છે.

આધુનિક કાલમાં એટમબોમ્બ અને હાઇડ્રોજન-બોમ્બ જેવા વિનાશક બળોમાંથી સમાજને બચાવી શાંતિ કેવી રીતે સ્થાપવી એ એક અગત્યની સમસ્યા આજે પ્રજાના ચિત્તતંત્ર પર અંકાયેલી છે અને તે માટે હિંદના વડા પ્રધાન જવાહરલાલ નહેરુ પંચ-શિલના પાંચ સિદ્ધાંતોને અનુસરવા વિશ્વના દરેક દેશને અનુમોદન કરે છે. આ પંચશિલના સિદ્ધાંતોનો જો વિશાળ દૃષ્ટિથી વિચાર કરીશું તો જણાશે કે હેમચંદ્રાચાર્ય અને કુમારપાળના જીવનકાલ દરમ્યાન ગુજરાતમાં આ સિદ્ધાંતોને એક યા બીજી રીતે વત્તેઓછે અંશે કુમારપાળ અનુસર્યા હતા. એથી ગુજરાતમાં તે સમયમાં શાંતિની સ્થાપના થઇ હતી અને સુરાજ્ય સ્થપાયું હતું તેમજ પ્રજાના ધન, બુદ્ધિ, તંદુરસ્તી વગેરેમાં વધારો થયો હતો. આ બે મહાન્ વ્યક્તિઓના જીવન-ચરિત્રો ભયાનક રીતે સંહાર કરનારા શસ્ત્રોના આ યુગમાં કેટલા અમૂલ્ય છે એનો સ્હેજે ખ્યાલ આવી શકે એવી રીતે એ પુણ્યાત્માના આદર્શ, વિચાર, વાણી અને વર્તન અને સિદ્ધાંતોનું પાલન આપણા જીવનમાં કરશું તો કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તથા ગુર્જરેશ્વર મહારાજાને ખરી અંજલિ આપી કહેવાશે અને આજના અણુશસ્ત્રના યુગમાં સમસ્ત માનવજાત અને સંસ્કૃતિનો ધ્વંસ થતો અટકાવી શકીશું એટલું જ નહિ પણ આખાયે વિશ્વમાં આપણે શાંતિની જ્યોત પ્રગટાવવા શક્તિમાન થઇશું.

" Lives of the great men all remind us,
We can make our lives sublime;
And departing leave behind us,
Foot-prints on the sands of time"

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही।
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनः पुनः॥

(દ્રુતવિલંબિત)

પ્રિય સખા સુત સ્ત્રી ધન ને ધરા, જગતમાં ફરીથી મળશે ખરા;
ફરી ફરી પણ આ તન તો નકી, નહિ મળે બહુ યત્ન કર્યા થકી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિના મનગમતા (Favourite) તીર્થંકર

લેખક હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.

જેમ કેઠે ઠેઠે બુદ્ધિમાં ભિન્નતા સંભવે છે તેમ રુચિની બાબતમાં પણ જોવાય છે. દા. ત. સાકર, શેરડી અને દ્રાક્ષ એ બધી ચીજો મધુર તો છે જ, છતાં કોઇને સાકર વધારે ગમે તો કોઇને શેરડી. એવી રીતે રુચિભેદને લઇને, મનગમતાં (Favourite) ગ્રંથકાર, ગ્રન્થ, મહેમાન, આહારની વાની, પુષ્પ, પોષાક, રમત, વિષય ઈત્યાદિ પરત્વે ભિન્નતા જણાય તે સ્વાભાવિક છે.

યશોવિજય ગણિ એક બહુશ્રુત અને તાર્કિક મુનિવર છે. એમને મન સર્વ તીર્થંકરો સરખા છે—પૂજ્ય છે, અને એમ હોઈ કરીને તો આપણા દેશમાંની વર્તમાન ચોવીસીન અને મહાવિદેહને અંગેની વિહરમાણ જિનવીસીના ગુણોત્કીર્તનરૂપ કૃતિઓ રચી છે. તેમ છતાં એમની આ વિષયને લગતી કૃતિઓ—સ્તવનો અને સ્તોત્રો તેમજ પદો જોતાં એમ લાગે છે કે એમના મનગમતા તીર્થંકર તે 'પુરુષાદાનીય' પાર્શ્વનાથ છે, અને તેમાં ય 'શંખેશ્વર પાર્શ્વનાથ' પ્રત્યે એમનો અનુરાગ વિશેષ છે.

જેમ વૈદિક દેવો પૈકી હનુમાન અને મહાદેવનાં-એમની મૂર્તિનાં સ્થાન અનુસાર વિવિધ નામ યોજાયાં છે તેમ જૈન તીર્થંકરો પૈકી પાર્શ્વનાથને અંગે મોટે ભાગે બનવા પામ્યું છે.

યશોવિજયગણિએ મુખ્યતયા જે વિવિધ સ્થળનાં પાર્શ્વનાથનાં ગુણગાન ગાયાં છે—ભજનકીર્તન રચ્યાં છે તેમનાં નામ તે તે કૃતિના ઉલ્લેખપૂર્વક હું નીચે મુજબ રજૂ કરું છું:—

## [૧] સંસ્કૃત સ્તોત્રો—

**(અ) 'ગોડી' પાર્શ્વ-સ્તોત્ર:**— આ સ્તોત્ર વિવિધ છંદોમાં ૧૦૮ પદ્યોમાં રચાયેલું છે. એ **જૈન સ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૩૯૩-૪૦૬) માં વિ. સં. ૧૯૮૯માં છપાયું છે ખરું, પણ એમાં ૧-૬, ૫૮-૬૨ અને ૬૮-૯૩ ક્રમાંકવાળાં પદ્યો ખૂટે છે. આ ૩૭ પદ્યો આ સ્તોત્રની અન્ય કોઇ સંપૂર્ણ હાથ-પોથીમાં હશે તો તે માટે તપાસ થવી ઘટે. આ સ્તોત્ર માટે શોધ થઇ શકે તે ઇરાદે હું આ સ્તોત્રના સાતમા પદ્યનું આદ્ય ચરણ નીચે મુજબ રજૂ કરું છું:—

**"स्मरः स्मारं स्मारं भव ? वथुमुच्चैर्भवरिपोः"**

**(આ) 'વાણારસી' માં રચેલું પાર્શ્વનાથ-સ્તોત્ર**—આ 'સ્વાગતા' છંદમાં રચાયેલા ૨૧ પદ્યનું સંસ્કૃત સ્તોત્ર "શ્રી યશોવિજયવાચક ગ્રંથ-સંગ્રહ" (પત્ર ૪૩-અ-૪૪-અ)માં વિ. સં. ૧૯૯૮માં છપાયું છે.

**(ઇ) શંખેશ્વર પાર્શ્વજિન સ્તોત્ર**—આ વિવિધ છંદમાં રચાયેલા ૧૧૩ પદ્યના સ્તોત્રનો પ્રારંભ "**अनन्तविज्ञानमपास्तदोषं**"થી કરાયો છે. આ સ્તોત્ર સંસ્કૃત ટિપ્પણો સહિત **જૈ. સ્તો. સં.** (ભા. ૧, પૃ. ૩૮૦-૩૯૨)માં છપાયું છે.

(ઇ) **'શંખેશ્વર' પાર્શ્વનાથ-સ્તોત્ર**—'**ऐंकाररूपां प्रणिपत्य वाचं**"થી શરૂ થતું આ ૩૩ પદ્યનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તોત્ર **ય. ગ્રં. સં.** (પત્ર ૪૪ અ–૪૫ અ) માં છપાયું છે.

(ઉ) **'શંખેશ્વર' પાર્શ્વનાથ સ્તોત્ર**–આ ૯૮ પદ્યોના સ્તોત્રની શરૂઆત **"ऐंकाररूपस्मरणोपनीतां"** થી થાય છે. આ સ્તોત્ર કેવળ ભક્તિ–કાવ્ય નથી, પરંતુ એમાં જગત્કર્તૃત્વવાદના ખંડન અને સ્યાદ્વાદના સ્વરૂપ જેવી દાર્શનિક બાબતોને પણ સ્થાન અપાયું છે. એ જોતાં આ સ્તોત્ર ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચાવી ઘટે, અને કંઈ નહિ તો આ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ સ્પષ્ટીકરણપૂર્વક તૈયાર કરાવો જોઈએ. આ સ્તોત્ર **ય. ગ્રં. સં.** (પત્ર ૪૫ અ–૪૯ અ માં છપાયું છે.

(ઊ) **'શમીન' પાર્શ્વ-સ્તોત્ર**–આ નવ પદ્યનું 'અનુષ્ટુભ્'માં રચાયેલું સ્તોત્ર **જૈ. સ્તો. સં.** (ભા. ૧, પૃ. ૩૯૨–૩૯૩ માં છપાયું છે, પરંતુ એમાં આદ્ય પદ્ય ખૂટે છે. આથી એની પણ શોધ થવી ઘટે. તેમ કરનારનું કાર્ય સુગમ બને એ માટે હું આ સ્તોત્રની અંતિમ પંક્તિ રજૂ કરું છું:–

**"इति स्तुतो दिशतुतां यशोविजयसम्पदम्"**

**[૨] ગુજરાતી સ્તવનો—**

(અ) **'અંતરીક્ષ' પાર્શ્વનાથનો મહિમા**–આ છ કડીની કૃતિ **ગૂર્જર સાહિત્યસંગ્રહ** (ભા. ૧, પૃ. ૯૭) માં છપાઇ છે. એનો પ્રારંભ "જય જય જય જય પાસ જિણંદ" થી કરાયો છે. આ પંક્તિ આ કૃતિની ટેક છે.

**(આ) 'ગોડી' પાર્શ્વનાથનું સ્તવન**–આ બાર કડીનું અંતર્યમકથી અલંકૃત ગુજરાતી સ્તવન **ગૂ. સા. સં.** (ભા. ૧, પૃ. ૯૮-૯૯) માં છપાયું છે.

(ઇ) **'ચિન્તામણિ' પાર્શ્વનાથનું સ્તવન**–આ મુક્તિની યાચનારૂપ દસ કડીની કૃતિ **ગૂ. સા. સં.** (ભા. ૧, પૃ. ૯૯–૧૦૦) માં છપાઈ છે,

**[૩] પદો—**

**(અ) અંતરીક્ષ પાર્શ્વનાથનું પદ**–આ ૧૮ મું પદ છે. એ હિન્દીમાં છે. એમાં 'અંતરીક્ષ'ને બદલે 'અંતરીક' એવો ઉલ્લેખ છે. આ પદ **ગૂ. સા. સં.** (ભા. ૧, પૃ. ૯૬) માં સ્તવન તરીકે અપાયું છે.

**(આ) કલ્હારા પાર્શ્વનાથનું પદ**–આ ચાર કડીનું ૩૧ મું પદ પણ સ્તવન તરીકે **ગૂ. સા. સં.** (ભા. ૧, પૃ. ૧૩૦–૧૩૧) માં અપાયું છે.

(ઇ) **'શંખેશ્વર' પાર્શ્વનાથનું પદ**–આ છ કડીનું હિન્દીમાં રચાયેલું ૩૦ મું પદ **ગૂ. સા. સં.** (ભા. ૧, પૃ. ૧૦૦–૧૦૧) માં છપાયું છે, એમાં કર્તાએ પોતાની દશા વર્ણવી **છે.**

(ઈ) **'સુરત' મંડન પાર્શ્વનાથનું પદ**–આ ૧૪ કડીમાં હિન્દીમાં રચાયેલા ૬૬ મા પદમાં કર્તાએ મુક્તિ–દાનની યાચના અહીંના–સુરતના **પાર્શ્વનાથને** કરી છે. આ પદ **ગૂ. સા. સં.** (ભા. ૧, પૃ. ૧૦૧–૧૦૨) માં છપાયું છે.

આમ જે વિશિષ્ટ નામવાળા **પાર્શ્વનાથને** અંગે બાર કૃતિઓ રચાઈ છે તેમનાં નામ નીચે મુજબ છે:–

| | | |
|---|---|---|
| ૧ | અંતરીક્ષ પાર્શ્વનાથ | (૨) |
| ૨ | કલ્હારા ,, | (૧) |
| ૩ | ગોડી ,, | (૧) |
| ૪ | ચિન્તામણી ,, | (૧) |
| ૫ | 'વાણારસી'મંડન પાર્શ્વનાથ | (૧) |
| ૬ | શંખેશ્વર ,, | (૪) |
| ૭ | શમીન ,, | (૨) |
| ૮ | 'સુરત' મંડન ,, | (૧) |

વિશેષમાં 'પાર્શ્વનાથ' એવા સામાન્ય ઉલ્લેખપૂર્વક નવ સ્તવનો રચાયાં છે એમ **ગૂ. સા. સં.** (ભા. ૧) જોતાં જણાય છે. ત્રણ ચોવીસીઓમાંનું એકેક, અને "વિશિષ્ટ જિન–સ્તવનો" પૈકી છ; આમ એકંદર **પાર્શ્વનાથનાં** ગુણોત્કીર્તનરૂપ ૨૧ (૧૨+૯) કૃતિ રચાઈ છે.[1] આથી યશોવિજયગણીના મનગમતાં તીર્થંકર તે **પાર્શ્વનાથ** છે એમ ફલિત થાય છે.

૧. **ઐન્દ્રસ્તુતિ**માં પાર્શ્વનાથની સ્તુતિ છે પણ એને હું જતી કરું છું. એ પ્રમાણે અન્યત્ર સમજી લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સંસ્કૃતિ

અનુ૦ બહેન ઇન્દુમતી ગુલાબચંદ શાહ એમ. એ.

**લેખાંક : : ૨**

ગતાંક પૃષ્ઠ ૧૨૨ થી ચાલુ

ધીમે ધીમે જ્યારે કલ્પવૃક્ષોની ઉત્પાદન–શક્તિ ઘટવા લાગી અને માતા-પિતા સામે સંતાન પણ જીવતાં રહેવા લાગ્યાં ત્યારે સંઘર્ષણ શરૂ થયું. લોકો ભવિષ્યની ચિંતા કરવા લાગ્યા અને કલ્પવૃક્ષોની વહેંચણી શરૂ થઇ. તેનાં રક્ષણ માટે હદ બાંધવાની શરૂઆત થઈ. તે જ સમયે ચૌદ કુળપતિ અથવા 'મનુ' ઉત્પન્ન થયા. તેઓએ ભયથી ત્રાસી ગયેલી પ્રજાને આશ્વાસન આપ્યું, અને પશુપાલન, હિંસ્ર પશુઓથી રક્ષણ કરવાનું, અન્ન પકાવવાનું, માટીનાં વાસણ બનાવવાનું, ઘોડેસ્વારી કરવાનું ઇત્યાદિ શીખવ્યું. 'આજની ભાષામાં' 'સભ્યતા' શીખવી. રાજા નાભિરાય છેલ્લા મનુ હતા. તેમની પત્નીનું નામ મરુદેવી હતું. ભગવાન ઋષભદેવ તેમનાં જ સંતાન હતાં. રાજધર્મની પ્રવૃત્તિ તે જ સમયે શરૂ થઇ. તેઓએ શસ્ત્ર ધારણ કરી પ્રજાનું રક્ષણ કરનારનું ક્ષત્રિય; નૃત્ય, શિલ્પ વગેરે વિદ્યાઓથી આજીવિકા ચલાવનારનું શૂદ્ર વર્ગમાં વિભાજન કર્યું. આ વ્યવસ્થા ફક્ત વ્યવહારની સગવડતા માટે જ કરવામાં આવી હતી. તેમાં કોઇ અધિકાર કે કોઇને ઉચ્ચ–નીચ કહેવરાવવાની ભાવના ન હતી.

ધર્મનાં દરેક અધિકારો, આ ત્રણે વર્ગોને હતા. આ જ ભગવાન ઋષભદેવે બ્રાહ્મી અને સુંદરી નામની પોતાની કન્યાઓને અક્ષરજ્ઞાન કરાવ્યું, અને બ્રાહ્મી લિપિની રચના કરી, જે આજે નાગરી લિપિના રૂપમાં આપણને ઉપલબ્ધ થાય છે. જ્યારે ભગવાન ઋષભદેવ તપસ્યા કરવા ચાલ્યા ગયા અને ભરતે આ આર્યદેશનું શાસન હાથમાં લઇને છએ ખંડો જીતી લીધા ત્યારે તેને મનમાં વિચાર થયો કે મારી પાસે અગાધ સંપત્તિ છે, અને તેમાંથી થોડુંક દાન કરવાની મારી ઇચ્છા છે તો કેટલાક સદ્‌વ્રતી લોકોનો એક વર્ગ સ્થાપિત કરું, કે તે સુપાત્રોને દાન આપવાથી સુદાન બને, આ સદ્‌ભાવના સાથે તેણે સમસ્ત માંડલિક રાજાઓને એક સૂચનાપત્ર મોકલ્યું કે તમે બધા તમારા સદાચારી સેવક વગેરેની સાથે આવો.

બધા લોકો આવ્યા. તેમાં જે અહિંસા ઇત્યાદિ અણુવ્રતધારી હતા તેઓને ભરત મહારાજે એક વિશેષ પરીક્ષા દ્વારા "બ્રાહ્મણ અથવા વ્રતધારી" બનાવ્યા. પરીક્ષા આ હતી—

એક આંગણામાં તેમણે લીલા રોપ ઉગાડ્યા. જે લોકો તે રોપને કચડીને ચાલ્યા ગયા તે સિવાય બધાય દયાપ્રધાન વ્રતધારીઓને 'બ્રાહ્મણ' સંજ્ઞા આપવામાં આવી. અહિં એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિના જે લોકો વ્રતધારણ કરનાર હતા તેમને ચૂંટીને બ્રાહ્મણ વર્ગની સ્થાપના કરવામાં આવી હતી. આગળ ઉપર પણ જે લોકો વ્રત ધારણ કરનાર હતા તેમને બ્રાહ્મણનું નામ આપવામાં આવ્યું. આ પ્રમાણે ભગવાન ઋષભ અને તેના પુત્ર ભરત ચક્રવર્તીએ બ્રાહ્મણ વગેરે ચતુર્વર્ણ્યવ્યવસ્થા ગુણકર્મ પ્રમાણે કરી.

સૌથી મહત્ત્વની વાત એ છે કે ગુણ અને કર્મ અનુસાર પ્રચાર પામેલી આ વર્ણવ્યવસ્થાનો ધાર્મિક બાબતોમાં કોઇ પ્રવેશ નહોતો. તેનું ધ્યાન અવશ્ય આપવામાં આવતું હતું કે કોઈ પણ કૂળમાં હિંસા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુરાચાર ઇત્યાદિ દૂષણોએ તો ઘર નથી કર્યુ ને? તેમાં કોઈ ખરાબ પરમ્પરા તો નથી શરૂ થઇને? જે કુળોમાં, પછી તે બ્રાહ્મણનાં હોય કે શૂદ્રનાં હોય પણ હિંસા, મદ્યપાન વગેરેની ખરાબ પરમ્પરાએ ચાલી રહી હતી, તેને શુદ્ધ કરવા માટે ખાસ પ્રયત્ન કરવામાં આવતો હતો. તે કુળનાં લોકોને ક્રિયા દ્વારા શુદ્ધ કરવામાં આવતા હતા. જે લોકોમાં અહિંસા ઇત્યાદિ વ્રતોની પરંમ્પરા હતી જ તે લોકોને ધર્મ સુસાધ્ય હતો. તાત્પર્ય એ કે કુળની શુદ્ધિ અને અશુધ્ધિની અસર વ્યક્તિનાં આચરણની સહજ ગ્રાહ્યતા અને ઉપદેશ-પ્રેરીત ગ્રાહ્યતા પર થતી હતી, તેનો કોઈ ધર્માધિકાર પર નહિ.

ભરત ચક્રવર્તી મ્લેચ્છ દેશોમાંથી અનેક રાજ્ય-કન્યાઓને પરણીને લાવ્યા હતા. તેની સાથે હજારો દાસ દાસીએ આવ્યાં હતાં. પણ તે બધાં મુનિ દીક્ષાને યોગ્ય માનવામાં આવ્યા હતા. જે કોઇ વ્યક્તિ ગમે તે વૃત્તિથી આજીવિકા ચલાવનારો હોય પણ મુમુક્ષુ હોય અને ધર્મ તથા વૈરાગ્ય તરફ તે ઉતરી રહ્યો હોય તો ધર્મનું દરેક પદ પ્રાપ્ત થઇ શકતું હતું; તેમાં બંધન ન હતું.

વર્ણવ્યવસ્થાનું સૌથી ઘાતક રૂપ તે છે જેમાં બ્રાહ્મણ વર્ગને અસંખ્ય વિશેષાધિકાર આપવામાં આવ્યા, અને શૂદ્રના ધર્માધિકાર, સમાનાધિકાર અને વ્યવહારાધિકાર છીનવી લેવામાં આવ્યા. માનવજાતિના એક મોટા સમુદાયને 'અસ્પૃશ્ય' કહેવામાં આવ્યો. વિષ્ઠા ખાતી ગાયને 'ગૌ માતા' કહીને પૂજવામાં આવે છે, તેને ધર્મવસ્ત્ર પહેરીને પણ અડી શકાય છે, તેનાં મળ-મૂત્ર અને છાણનું ખાન-પાન થાય છે પણ મળ સાફ કરવાવાળો મનુષ્ય "અસ્પૃશ્ય". તેનાં પડછાયામાં પણ આભડછેટ. તેનાં બાળબચ્ચાને ભણતર-ગણતર નહિ-કેળવણી નહિ, અને આ બધું ઈશ્વર અને ધર્મને નામે થયું. જૈનધર્મમાં પ્રારંભથી જ ધર્મનું ક્ષેત્ર બધાને માટે ખુલ્લું રાખવામાં આવ્યું, ભગવાન મહાવીરનાં સંઘમાં ચાંડાલ. કુંભાર હજામ વગેરે બધાનો સમાવેશ થતો. તે ધર્મનાં ઉચ્ચમાં ઉચ્ચ પદે બિરાજી શક્તા હતા. તેને જાતિનાં કોઇ બંધન ન હતા.

મધ્યકાળમાં વેદના અનુયાયીઓનું (વૈદિકનું) વિશેષ પ્રભુત્વ હોવાથી આ ગુણકર્મ અનુસાર વર્ણવ્યવસ્થાને માનનારી સંસ્કૃતિ પર પણ તેનો ઘાતક પ્રભાવ પડ્યો અને કોઈ કોઈ જગાએ તેની અસર પાછળનાં પ્રાયશ્ચિત્ત ગ્રન્થો અને પુરાણ ગ્રન્થો પર પણ પડી. વ્યવહારમાં જૈનસંઘ વૈદિકોની પાછળ ઘસડાવા લાગ્યો અને પોતાની પ્રાચીન મૂળ સંસ્કૃતિને છોડી બેઠો.

આજનું નવભારત જ્યારે મનુષ્યમાત્રને સમાન નાગરિકતાના અધિકાર દઇ રહ્યું છે, અને મનુષ્ય મનુષ્ય વચ્ચે ફેલાયેલી 'અસ્પૃશ્યતા'ને સમાપ્ત કરી રહ્યું છે, ત્યારે જૈન સંસ્કૃતિના ઉપાસક જૈનો જ તેમાં વિઘ્નો નાખવાના પ્રયત્નો કરી રહ્યા છે.

એક તરફ વૈદિક ધર્મનાં પ્રતિનિધિઓ શૂદ્રોને મંદિરો-માં એટલા માટે નથી જવા દેતા કે તેઓ ત્યાં જઇને વૈદિક સંસ્કૃતિને અભડાવશે અને બીજી બાજુ આજના રૂઢિચુસ્ત જૈનો પોતાનાં મંદિરો અશુદ્ધ થઈ જશે, તે આશંકાથી ગભરાઇ રહ્યા છે. આ તો જૈનો માટે એક સુઅવસર હતો કે અત્યારે તેઓ મહાવીરનો પતિતપાવન-સમતા સંદેશ સંભળાવે અને તેઓને જૈન દીક્ષા આપે પરંતુ આજે "ઊલટી ગંગા વહી રહી છે" જે ધર્મ આ પતિતોનો ઉદ્ધારક હતો તે જ તેને માટે પોતાના દરવાજા બંધ કરીને બેઠો છે!

સાધારણ રીતે આપણે જૈન સંસ્કૃતિની આચાર-વિચાર સંબંધી પ્રણાલિકાઓ ઉપરથી નીચે પ્રમાણે આધારભૂત સિદ્ધાંતો જાહેર કરી શકીએ.

૧. દરેક આત્મા સ્વતંત્ર છે. તેનો માત્ર પોતાનાં જ વિચારો અને પ્રવૃત્તિઓ પર અધિકાર છે. તે પોતાનાં જ ગુણરૂપનો સ્વામી છે. પોતાનાં સુધાર અને પતન માટે પોતે જ જવાબદાર છે.

૨. કોઇ એવો ઇશ્વર નથી કે જે અનંત જડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચેતન પર પોતાનો નૈસર્ગિક અધિકાર ધરાવતો હોય, પુણ્ય-પાપનો હિસાબ રાખતો હોય, જીવોને (આત્માને) સ્વર્ગ અને નરકમાં મોકલતો હોય અને સૃષ્ટિનો નિયંતા હોય.

૩. એક આત્માનો બીજા આત્મા ઉપર તથા જડ પદાર્થો ઉપર કોઇ સ્વાભાવિક અધિકાર નથી. બીજા જીવોને, સમાજ અને જાતિને પોતાને આધીન કરવાનો પ્રયત્ન એક અનધિકાર ચેષ્ટા છે; તે જ હિંસા અને મિથ્યાદૃષ્ટિ છે.

૪. વ્યવહારિક શાસન ચલાવવા માટે અથવા સમાજરચના ખાતર સમાજ, કોઇ એક વ્યક્તિને શાસક અથવા તો મુખ્યાધિકારી તરીકે ચૂંટે છે તો તે અધિકાર તેને પસંદ કરનાર માણસોનો છે. પસંદ થયેલા કોઇ એક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર નથી. તાત્પર્ય એ કે સમાજવ્યવસ્થાનો આધાર સમાન-અધિકારથી બનેલા સહયોગ પર છે. કોઇ જન્મસિદ્ધ વિશેષાધિકાર પર નહિ.

૫. બ્રાહ્મણ ક્ષત્રિય ઇત્યાદિના વર્ણવ્યવસ્થા પોતાના ગુણ-કર્મ અનુસાર બનેલી છે, જન્મથી જ નથી બનતી. ગુણ કર્મ અનુસાર તેમાં પરિવર્તન પણ થઇ શકે છે.

૬. ગોત્ર એક જન્મમાં પણ બદલાય છે. તેનું પરિવર્તન ગુણ કર્મ પ્રમાણે થઈ શકે છે.

૭. પરિગ્રહ અને પર પદાર્થોનો સંગ્રહ, મમત્વ અને અહંકારનું મૂળ છે. અને સમાજમાં વિષમતા તથા હિંસાનું વાતાવરણ ઊભું કરે છે, તેથી તેનો નકાર કર્યો છે.

૮. કોઇ પણ વંશ, જાતિ કે વર્ણને લીધે કોઇનાં પણ ધર્માધિકારમાં ભેદ પડતો નથી. ધર્મમાં સહુને સમાન તક છે. વ્યક્તિ પોતાની યોગ્યતા અનુસાર જ પ્રગતિ સાધી શકે છે. તે વાત જુદી છે.

૯. ધર્મની બાબતમાં કોઈ વર્ગ વિશેષનો વિશેષાધિકાર નથી. કોઇ પણ એવા ક્રિયાકાંડને ધર્મ નથી માનવામાં આવતો-જેમાં મનુષ્ય માત્રનો સમાન અધિકાર ન હોય.

૧૦. ભાષા, ભાવનાને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવાનું માધ્યમ છે. એટલે જનતાની ભાષા જ હંમેશાં સ્વીકાર્ય છે. કોઈ ભાષા પર કોઈ વર્ગનો વિશેષાધિકાર ન હોઈ શકે. અને ભાવોનાં માધ્યમ તરીકે રહેવાનો કોઇ એક જ ભાષાનો અધિકાર પણ નથી. ભાષા દેશકાળ અનુસાર બદલાયા જ કરે છે. કોઈ ખાસ ભાષાના ઉચ્ચારણની અનિવાર્યતા સત્ય વસ્તુ નથી.

૧૧. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, જૈન, બૌદ્ધ વગેરે પંથભેદો પણ આત્માધિકારમાં ભેદ ઉત્પન્ન નથી કરી શકતા.

૧૨. વસ્તુ અનેક ધર્માત્મક છે. તેનો વિચાર વિવિધ દ્રષ્ટિકોણથી ઉદારતાપૂર્વક કરવો જોઇએ. અનેકાન્તદ્રષ્ટિ જ આપણા વિચારોમાં સમત્વની ભૂમિકા રચી શકે છે.

૧૩. સર્વ સમાનાધિકારની અહિંસક ભૂમિકાથી જ નવસમાજ રચનાનું-સર્વોદયનું-તે રૂપ વિકસી શકે છે કે જે વિશ્વશાંતિનો આધાર બની શકે.

૧૪. જો કે સંસારનાં ભૌતિક સાધનો ઉપર કોઇ વ્યક્તિ, સમાજ તથા રાષ્ટ્રનો નૈસર્ગિક અધિકાર નથી; પરંતુ જ્યારે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને એકબીજા સાથે સાંકળવાની વ્યવસ્થા કરવાની જ છે ત્યારે સમાનાધિકાર જ તેનો એક માત્ર મૂળમંત્ર બની શકે છે અને સહયોગ પદ્ધતિ જ એ જ એક માત્ર તેનું વ્યાવહારિક સાધન હોઇ શકે.

આપણી ભરતભૂમિની વિશેષતા છે કે તેણે શ્રી મહાવીર અને બુદ્ધ જેવા શ્રમણ સંતો દ્વારા એક વિશાળ અને સર્વોપયોગી સંસ્કૃતિનો જગતને સંદેશ આપ્યો. આજે વિશ્વ ભૌતિક વિષમતા અને વિટંબણાઓથી પીડાઇ રહ્યું છે ત્યારે તેમાંથી મુક્તિ અપાવનાર સંજીવની તે એક માત્ર આ સર્વોદયકારિણી સર્વોપયોગી સંસ્કૃતિ છે.

**( શ્રમણ વર્ષ ૫, અંક ૧૨, પૃ. ૩-૧૩ )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કોન્ફરન્સનું વીસમું અધિવેશન

અખિલ ભારતીય જૈન શ્વે. કોન્ફરન્સનું વીસમું અધિવેશન મુંબઈખાતે મમ્બાદેવીના વિશાળ મેદાનમાં ઊભા કરવામાં આવેલ ખાસ મંડપમાં તા. ૨૯–૩૦ જુન અને તા. ૧ લી જુલાઈ શનિ, રવિ, સોમવારે મળી ગયું.

અધિવેશનના પ્રમુખ તરીકે શ્રીયુત મોહનલાલ લલ્લુભાઈની વરણી કરવામાં આવી હતી. જાણીતા દાનવીર શેઠ મેઘજી પેથરાજે મનનીય પ્રવચન કરી અધિવેશનની બેઠક ખુલ્લી મૂકી અને ત્યારબાદ ત્રણ દિવસ દરમિયાન સ્વાગત પ્રમુખશ્રી હરખચંદ વીરચંદ ગાંધી, મંત્રીઓ, પ્રમુખશ્રી વગેરેના ભાષણો રજૂ થયા, અને જુદા જુદા દૃષ્ટિબિન્દુઓનો વિચાર કરી નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

કોન્ફરન્સના નવા મંત્રીઓ તરીકે શ્રી સોહનલાલજી કોઠારી, બી. એ. બી. એમ. બી. કોમ (લન્ડન) અને શ્રી જયંતીલાલ રતનચંદ શાહ બી. એ. બી. કોમ (લન્ડન)ની નિમણુંક કરવામાં આવેલ છે.

### ઠરાવ નં. ૧: શોક પ્રસ્તાવ:–

(અ) પૂજ્યપાદ જૈનાચાર્યશ્રી ૧૦૦૮ શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના મુંબઇમાં તા. ૨૨–૯–૫૪ના રોજ થયેલ સ્વર્ગારોહણથી સકળ સંઘને, એક આદર્શ, મહાપ્રભાવી, દીર્ઘદ્રષ્ટા મહાત્માની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીએ કોન્ફરન્સની પ્રવૃત્તિઓને વિકસાવવા આજીવન ઉપદેશ આપ્યો હતો. અને સર્વત્ર શિક્ષણ સંસ્થાઓ વિકસાવી સમાજને અભ્યુદયના માર્ગે વાળેલ છે. તેઓશ્રીના સ્વર્ગારોહણ માટે કોન્ફરન્સનું આ અધિવેશન પોતાનું દુઃખ પ્રકટ કરે છે અને તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

(બ) પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીવિજય કલ્યાણસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજ, આચાર્યશ્રી શ્રીગૌતમસાગરજી મહારાજ (કચ્છ), આચાર્યશ્રી જિનરત્નસૂરિ તથા કાળધર્મ પામેલા અન્ય મુનિવર્યો માટે આ કોન્ફરન્સ પોતાનું દુઃખ પ્રકટ કરી તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

(ક) શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના સ્થાપક શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. (જયપુર) એ સમાજના સર્વદેશીય ઉત્થાન માટે આજીવન ભેખ ધરી સમાજને ચરણે બમૂલ્ય સેવાઓ અર્પેલી હતી. તેઓશ્રીના સ્વર્ગવાસથી સમાજને એક અજોડ નેતાની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તે બદલ કોન્ફરન્સ આનું અધિવેશન અત્યંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

(ડ) કોન્ફરન્સ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર શેઠ રવજી સોજપાળ (મુંબઇ), શેઠ મકનજી જુઠાભાઈ મહેતા (મુંબઇ), શેઠ નાથાલાલ ડી. પરીખ જે. પી. (પાલનપુર), શેઠ દયાલચંદજી જોહરી (આગ્રા), શેઠ જીવરાજ ઓધવજી દોશી (ભાવનગર), શેઠ મણિલાલ મોકમચંદ શાહ (મુંબઇ), શેઠ સુરચંદ પી. બદામી (સુરત), શેઠ ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખ (કપડવંજ), પં. શ્રી ફત્તેહચંદ કપુરચંદ લાલન (જામનગર), ડો. ત્રિભોવનદાસ લહેરચંદ શાહ (વડોદરા), શ્રીમતી માણેકબ્હેન ચીમનલાલ શેઠ (અમદાવાદ), સર ફીકાભાઈ પ્રેમચંદ નાઈટ (મુંબઇ), બાબુ કીર્તિપ્રસાદજી જૈન (બીનૌલી), શેઠ સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી (મહુવા), નગરશેઠ વનમાલીદાસ બેચરભાઇ (પાલીતાણા), શેઠ મણીલાલ ખુશાલચંદ પારેખ (પાલણપુર), નગરશેઠ શ્રી બાબુભાઇ (સુરત), શેઠ હેમચંદ ચત્રભૂજ (મુંબઇ), શેઠ મદનસિંહજી કોઠારી (ઉદયપુર), શેઠ મોહોલાલ મગનલાલ શાહ (મુંબઇ),

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી (ભાવનગર), શેઠ બકુભાઈ મણીભાઇ (અમદાવાદ), શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીઆ (અમદાવાદ), શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી (ભાવનગર), શેઠ ભોગીલાલ દોલતચંદ શાહ (પાટણ). શેઠ ઝવેરચંદ પરમાણંદ ભણસાલી (મુંબઇ), શેઠ ભગવાનદાસ હરખચંદ શાહ (લીંબડી), શેઠ હેમચંદ મોહનલાલ ઝવેરી (પાટણ), શ્રી જી. રૂગનાથમલ (હૈદ્રાબાદ), શેઠ લક્ષ્મીચંદજી કોચર (કલકત્તા), શેઠ મંગળદાસ લલ્લુભાઈ ઘડીયાળી (વીજાપુર), શેઠ મુલચંદ સજ્જમલજી (સાદડી), શેઠ ધુલચંદજી બી. મોદી (સૈલાના), શેઠ મોતીલાલ નિહાલચંદ (પાટણ). શેઠ કેશવજી નેમચંદ (માંગરોળ), શેઠ શાંતિલાલ જીવણલાલ (વઢવાણ), શેઠ રામચંદ્ર મુલચંદ વખારીઆ (બારસી), શેઠ એસ. આર. સીંધી (શિરોહી), શ્રી હંસરાજ ડી. શાહ(મુંબઇ)ના સ્વર્ગવાસ બદલ કોન્ફરન્સનું આ અધિવેશન અત્યંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે. —પ્રમુખસ્થાનેથી

## ઠરાવ નં. ૨: શ્રી મહાવીર જન્મકલ્યાણક

અહિંસાના મહાન્ પ્રવર્તક પરમોપકારી જગદ્વંદ્ય ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીરના જન્મકલ્યાણક દિવસને જાહેર તહેવાર ( પબ્લિક હોલીડે ) તરીકે માન્ય રાખવા મધ્યસ્થ સરકારને આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને આ માટે યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા કાર્યવાહી સમિતિને આપે છે.

-- પ્રમુખસ્થાનેથી

## ઠરાવ નં. ૩ : જૈનો અને રાજકારણ :—

જૈન સમાજ અત્યાર સુધી રાજકારણમાં રસ લેતો આવ્યો છે. આજે ભારતવર્ષ આઝાદ થત રાજકારણ અને રાષ્ટ્રોન્નતિના કાર્યોમાં તે વધુમાં વધુ રસ લે તે ઇચ્છનીય હોઇ આ કોન્ફરન્સ સમાજને તેમાં સક્રિય ભાગ લેવા અનુરોધ કરે છે.

દરખાસ્ત : શ્રી રતિલાલ સી. કોઠારી

## ઠરાવ નં. ૪ : સાહિત્ય પ્રચાર

વીતરાગ દેવથી પ્રવર્તેલા અને સદ્ગુરુથી પ્રચાર પામેલા જૈન ધર્મના સિદ્ધાંતો સમસ્ત વિશ્વને હિતકારી છે, એવો આ અધિવેશન દૃઢ અભિપ્રાય ધરાવે છે. તેથી જાહેર જનતા સરળતાથી સમજી શકે તેવી રીતે જૈન ધર્મના પુસ્તકો લખાય અને તેનો બહોળો પ્રચાર થાય તેને આવશ્યક માને છે. આ દિશામાં યોગ્ય પ્રવૃત્તિ કરવા કાર્યવાહી સમિતિને સૂચવવામાં આવે છે.

દરખાસ્ત : શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

## ઠરાવ ૫ : શ્રી કેસરીયાજી તીર્થ

શ્રી કેશરીયાજી તીર્થમાં પૂજા–અર્ચના વગેરે બાબતોમાં જૈન ધર્મ માન્યતા અને પ્રણાલિકા વિરુદ્ધ ગેરરીતીઓ ચાલે છે, અને આશાતનાઓ થાય છે. તેમજ મિલ્કતનો ગેરવહીવટ અને દુર્વ્યય થાય છે. તદ્દુપરાંત યાત્રીઓ અને સાધુ મુનિમહારાજો પ્રત્યે પંડાઓ જે ઉદ્ધત અને અયોગ્ય વર્તન કરે છે તેથી જૈન પ્રજામાં ભારે અને ઉગ્ર અસંતોષ તેમજ ભયની લાગણી ઘણા વખતથી પ્રવર્તે છે. એમ થવાના કેટલાંક કારણોમાં હાલમાં જે વહીવટ રાજસ્થાન સ્ટેટના દેવસ્થાન ડિપાર્ટમેન્ટના કર્મચારીઓના હસ્તક છે અને તેઓને જૈન સિદ્ધાંત–માન્યતા અને પ્રણાલિકાનો ખ્યાલ ન હોવાને લઇને થાય છે. આ સંજોગોમાં કોન્ફરન્સ રાજસ્થાન સરકારને નમ્રભાવે વિનંતિ કરે છે કે પહેલાંના ઉદેપુર રાજ્યની સરકારે યોગ્ય જૈન ગૃહસ્થોની કમિટિને સઘળો વહીવટ સોંપેલો હતો તે પ્રમાણે રાજસ્થાન સરકારે શ્રી કેશરીયાજી તીર્થનો સઘળો વહીવટ યોગ્ય જૈન ગૃહસ્થોની કમિટિને સોંપવો અથવા સઘળા વહીવટને માટે સ્કીમ કરીને યોગ્ય જૈન ગૃહસ્થોને વહીવટકર્તા નીમી તેમની મારફતે વહીવટ થાય તેનો પ્રબંધ કરવો.

દરખાસ્ત : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## ઠરાવ નં. ૬ : આક્ષેપ પ્રતિકાર

શ્રી ધર્માનંદ કોસંબીએ લખેલ ભગવાન બુદ્ધ નામના પુસ્તકમાં ભગવાન શ્રી મહાવીરસ્વામી અને શ્રમણ સંઘ અંગે જે ગેરસમજ ઊભું કરનાર માંસાહારનું લખાણ કરેલ છે તેથી સમગ્ર જૈન સમાજની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગણી અત્યંત દુભાઈ છે. અને આ પ્રકારનું લખાણુ આ પુસ્તકમાંથી રદ કરવા માટે યોગ્ય પગલાં ભરવાને કોન્ફરન્સ ભારત સરકારને તેમજ સાહિત્ય અકાદમીને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને ભવિષ્યમાં જૈનધર્મ ઉપર આક્ષેપ તથા બીનપાયાદાર લખાણો અટકાવવા યોગ્ય પગલાં લેવા સરકારને વિનંતિ કરે છે.

આ અંગે સાહિત્ય અકાદમીએ મજકુર લખાણુના અર્થ અંગે નોટ મૂકવા જે ઠરાવ કર્યો છે તેથી સમગ્ર જૈન સમાજને જરા પણુ સંતોષ થયો નથી અને આ લખાણુ સદંતર રદ થવું જોઇએ એવી માન્યતા સમગ્ર જૈન સમાજ ધરાવે છે. આ માટે કોન્ફરન્સ સમગ્ર જૈન સમાજને આંદોલન ચાલુ રાખવા જણાવે છે.

દરખાસ્ત : શ્રી રાયચંદ મગનલાલ શાહ

**ઠરાવ નં. ૭: ધાર્મિક અને નૈતિક કેળવણી**

સમગ્ર પ્રજાનું નૈતિક જીવન ઉચ્ચ કક્ષાનું અને તે માટે પ્રજાના બાળકોમાં નાનપણુથી ધાર્મિક અને નૈતિક સંસ્કાર પાડવાની ખાસ અગત્ય છે. આ હેતુ બર લાવવા ભારતમાં વસતી દરેક કોમને તેના હસ્તક ચાલતી શાળાઓમાં ધાર્મિક અને નૈતિક કેળવણી આપવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ એમ આ કોન્ફરન્સ ભારપૂર્વક જાહેર કરે છે.

ભારતનું રાજ્ય બીન-સાંપ્રદાયિક છે અને રહેવું જોઇએ. તે સિદ્ધાંતનો અર્થ શાળાઓમાં અપાતી ધાર્મિક અને નૈતિક કેળવણી બંધ કરવાનો ન થવો જોઇએ. રાજ્યના બંધારણમાં પણુ આવી કેળવણી મરજીયાત-રૂપે આપવાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે, છતાં નામદાર મુંબઈ સરકારના કેળવણી ખાતાએ થોડા વખત પહેલાં સરકારી મદદ લેતી બધી શાળાઓમાં પરિપત્રો મોકલી અભ્યાસના સમયમાં શાળાઓનાં અભ્યાસક્રમમાં ફક્ત વ્યવહારિક શિક્ષણુ આપવાનું જે ફરમાન કર્યું છે તે પ્રત્યે આ કોન્ફરન્સ ઉંડી ખેદની લાગણી પ્રદર્શિત કરે છે અને નામદાર મુંબઇ સરકારને નમ્રતાપૂર્વક વિનંતિ કરે છે કે આ પરિપત્રો પાછા ખેંચી લેવા અને દરેક શાળાના સંચાલકોને અભ્યાસ માટે નિર્ણીત કરેલા સમયમાં વ્યવહારિક શિક્ષણુને ક્ષતિ ન પહોંચે તે લક્ષમાં રાખી શાળામાં ભણુતા બાળકોને ધાર્મિક અને નૈતિક કેળવણી આપવાની છૂટ આપવી.

દરખાસ્તઃ શ્રી પ્રાણુજીવનદાસ હ. ગાંધી

સમર્થનઃ ડો. ભાઈલાલ એમ. બાવીસી, શ્રી શામજી ભાઈચંદ, શ્રી ફુલચંદ હરિચંદ દોશી, શ્રી માવજી દામજી શાહ, શ્રી કમળાબેન ગાંધી ઉર્જૂન, શ્રી કાંતિલાલ ઊંજમશી શાહ, પ્રો. પૃથ્વીરાજ જૈન, શ્રી તારાબેન અમૃતલાલ વડોદરા.

**ઠરાવ નં. ૮: પબ્લિક ટ્રસ્ટ અને ફંડોઃ—**

જૈન ટ્રસ્ટ અને ફંડોના વહીવટકર્તાઓ અને ટ્રસ્ટીઓ ટ્રસ્ટ અને ફંડોના ઉદ્દેશો માટે એનો ઉપયોગ કરવા ઉપેક્ષા સેવે છે અને ઢીલ કરે છે અને તેથી દાતાઓના ઉદ્દેશો પાર પાડતાં નથી. લોકોને જે લાભ જ્યારે અને જે રીતે થવો જોઇએ તે થતો નથી. આવી ફંડો બાંધી રાખવાની કે ખોટી રીતે વધારવાની સંગ્રહવૃત્તિ અયોગ્ય અને અહિતકર છે એમ આ કોન્ફરન્સ માને છે અને વહિવટકર્તાઓએ ફંડો અને ટ્રસ્ટોના ઉદ્દેશો પ્રમાણે શક્ય તેટલા સત્વરે ઉપયોગ કરવા આગ્રહ કરે છે.

ચેરીટી કમીશ્નર ધાર્મિક ફંડોના નાણાં બીજા ઉદ્દેશો માટે ખર્ચવા ટ્રસ્ટીઓને આગ્રહ કરે છે અથવા કોર્ટમાં જવાની ફરજ પાડે છે અને ઘણી વખત પોતે કોર્ટમાં અરજી કરે છે. એ વલણુ જાહેર હિતની દૃષ્ટિએ ન્યાયપુરઃસર અને હિતકર નથી. વળી કેટલાંક સરપ્લસ કે બીજાં નાણાં જે તે ઉદ્દેશો માટે હોય તેને માટે ખર્ચી શકાય એમ હોવા છતાં બીજા ઉદ્દેશો માટે ખર્ચાવા ચેરીટી કમીશ્નર આગ્રહ સેવે છે. દાતાઓના હેતુઓ સારી રીતે પાર પડે તેમજ સમાજને યોગ્ય રીતે લાભ મળે તે માટે જૈન ટ્રસ્ટો અને ધર્માદા ફંડના ઉપયોગ યથાસમયે તેના નિયત ઉદ્દેશો અનુસાર કરવામાં આવે એ ખાસ જરૂરી છે, એમ આ કોન્ફરન્સ માને છે.

બીજા ઉદ્દેશો માટે ખર્ચાવા સી. પ્રે.નો સિદ્ધાંત પણુ લગાડતા જૈનોના હિત માટે જે ફંડો અને ટ્રસ્ટો છે તેનો ઉપયોગ સાર્વજનિક કરાવવા માટે જે પ્રયાસો થાય છે તે માટે આ કોન્ફરન્સ દિલગીરી અને ખેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યક્ત કરે છે. આવા પ્રયાસો બંધ કરવા નામદાર સરકારને વિનંતી કરે છે.

દરખાસ્ત : શ્રી વાડીલાલ નગીનદાસ ગાંધી

**ઠરાવ નં. ૯ : ગ્રામ પંચાયત અને યાત્રાટેક્ષ**

મુંબઈ ગ્રામ પંચાયત એક્ટ સને ૧૯૩૩ ની કલમ ૮૯ પ્રમાણે જે યાત્રાળુવેરો નાખવાનું ઠરાવ્યું છે અને ગ્રામ પંચાયતોએ જેનો અમલ કરવાનો હાલમાં પ્રયાસ કર્યો છે તે કોમકોમ વચ્ચે બેદીલી અને કડવાસ ઊભી કરે છે ને કોમીવાદનો પોષક છે, તેથી આ કોન્ફરન્સ દેશના ઐક્યની દ્રષ્ટિએ અને સંપ અને એખલાસની દ્રષ્ટિએ યાત્રાળુવેરો એ મહાન્ અનિષ્ટ છે એમ માને છે. અને તે યાત્રાળુવેરો નાખતી કલમ રદ કરવા નામદાર મુંબઇ સરકારને આગ્રહભરી વિનંતી કરે છે.

દરખાસ્ત: શ્રી હરખચંદ વીરચંદ ગાંધી

**ઠરાવ ૧૦: રતલામ શાંતિનાથજી દેરાસર:-**

રતલામના શ્રી શાંતિનાથજીના મોટા દેરાસરનો કબ્જો ત્યાંની સરકારે સને ૧૯૫૪ ના નવેમ્બરથી હસ્તગત કર્યો છે, તે માટે આ કોન્ફરન્સ ઊંડા ખેદની લાગણી અનુભવે છે. અને રતલામના શ્રી જૈનસંઘને પહેલાંની માફક દેરાસરનો કબ્જો સત્વર સોંપી દેવા આ કોન્ફરન્સ મધ્ય પ્રદેશની ના. સરકારને નમ્રપણે આગ્રહભરી માગણી કરે છે.

સને ૧૯૫૪ ના નવેમ્બર માસમાં કેટલાક તોફાની અને બેજવાબદાર તત્વોએ સનાતન ધર્મના નામે જૈનો વિરુદ્ધ ભય અને ત્રાસનું વાતાવરણ સર્જ્યું હતું અને બહુમતી કોમને જૈનો વિરુદ્ધ ખોટી રીતે ઉશ્કેરી મૂકી હતી, અને તેવ સંજોગામાં યોગ્ય રક્ષણના અભાવે ત્યાંના જૈનોએ જે અસહાયદશા અનુભવી હતી તે માટે આ કોન્ફરન્સ દિલગીરી અને ઊંડા ખેદની લાગણી વ્યક્ત કરે છે. અને આશા રાખે છે કે આ લોકવાદના યુગમાં કોઈ પણ કોમ, કોઇ પણ પ્રશ્નના ઉકેલ માટે બળ કે ભય-ત્રાસનો ઉપયોગ નહિ કરે, અને એવા ઉપયોગ સામે એવા સંજોગોમાં સરકાર એને પૂરતું રક્ષણ આપે અને યોગ્ય પગલાં લે એમ આ કોન્ફરન્સ આગ્રહ કરે છે, અને વિશેષમાં આ વાતાવરણ સર્જાયું તે વખતે જે ભાઇઓએ જેલયાત્રા તથા અનેક કષ્ટો સહન કર્યાં છે, તેને માટે તે ભાઇઓ તરફ આ કોન્ફરન્સ સહાનુભૂતિ ધરાવે છે. અને રતલામ જૈન સંયુક્ત સંઘ જે લડત કરી રહી છે, તેને આજની કોન્ફરન્સ ટેકો આપે છે.

દરખાસ્ત: શ્રી રમણલાલ દલસુખભાઈ જે. પી.

**ઠરાવ ૧૧: સંગઠન:**

જૈન સમાજના બધા ફિરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવવા તેમજ સર્વસામાન્ય પ્રશ્નો વિષે સહકારથી કાર્ય કરવા આ અધિવેશન જૈન સમાજને અનુરોધ કરે છે; અને આ અંગે યોગ્ય કરવા કાર્યવાહી સમિતિને ભલામણ કરે છે.

દરખાસ્ત: શ્રી રતીલાલ સી. કોઠારી

**ઠરાવ ૧૨ : સમાજ ઉત્કર્ષ :**

હાલના અત્યંત કપરા સંયોગોમાં સમાજના મોટા ભાગની પરિસ્થિતિ અત્યંત વિષમ બની છે અને જીવનની ખાસ જરૂરિયાતો પૂરી કરવામાં તેઓના માટે સસ્તાં રહેઠાણો અને વૈદકીય સારવાર, તેઓનાં બાળકો માટે યોગ્ય કેળવણીની ગોઠવણો, તેઓને યોગ્ય ધંધા-રોજગારનું માર્ગદર્શન આપી તે માટે જરૂરી મદદની અને જીવનની બીજી મુખ્ય જરૂરિયાતો પૂરી પાડવાની અગત્યતા આ કોન્ફરન્સ જૈન સમાજના ધ્યાન ઉપર લાવે છે

આ દિશામાં કોન્ફરન્સે શાળાની ફી અને પાઠ્ય પુસ્તકો આપવાની પ્રથા તેમજ સમાજના ભાઇ-બ્હેનોને ગૃહ-ઉદ્યોગો શીખવવા ઉદ્યોગગૃહ ચાલુ કર્યાં છે. તે તેમજ ઉપર જણાવેલ બીજાં કાર્યોને વધુ વિસ્તારી તેને વિકસાવવા માટે અને સમાજના મોટા ભાગની સ્થિતિ સુધારી તેઓને પડતી અનેક મુંઝવણો દૂર કરવા જરૂરી યોજના ઓ ઘડી તેનો અમલ કરવા તથા ઉપરોક્ત કાર્યોનો તેમજ સમાજહિતને સ્પર્શતાં બીજાં કાર્યોનો વિસ્તાર કરી તેને વિકસાવવા ને કોન્ફરન્સ હસ્તકનાં ઉપરોક્ત બધાં ખાતાઓ અંગેની સંપૂર્ણ સત્તા સાથેની એક સમિતિને સોંપવાનું ઠરાવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણેની સર્વ પ્રકારની વ્યવસ્થા કરવા કાર્યવાહક સમિતિને સત્તા આપવામાં આવે છે.

દરખાસ્ત: શ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આજના જૈનોનો પ્રથમ ધર્મ

સ્વરાજ્ય આવ્યા પછી આ દેશની એક એક ચીજ વિકાસ પામી રહી છે. પ્રત્યેક ક્ષેત્રે પ્રગતિ થઈ રહી છે. અનેક પ્રકારના તત્ત્વજ્ઞાનો લોકોની સામે રોજ પીરસાય છે બધા ધર્મોના સાહિત્યો પ્રસારિત થઇ રહ્યા છે. બૌદ્ધધર્મ ફરીથી એશી આનો પ્રચલિત ધર્મ બન્યો છે. હિન્દુ ધર્મનું પુરાણકાલીન સાહિત્ય પણ લોકોના ઘેર ઘેર પહોંચતું થયું છે. ત્યારે એ દુર્ભાગ્યની વાત છે કે, વિશ્વધર્મનો દાવો કરી શકે એવો આપણો જૈન ધર્મ, એક ધર્મ કે દર્શન મટીને સામાન્ય મત-પંથ કે ફીરકા જેવડો નાનો બનતો જાય છે.

જેણે પુનર્જન્મવાદના સંસ્કાર આપ્યા, આત્મા અને દેહના વિભિન્ન સંબંધોનું જ્ઞાન આપ્યું, સમાજ સુખરૂપ જીવી શકે એવી અહિંસક પ્રણાલિકા આપી, અહિંસા અને દયાની ભાવના સૂક્ષ્મ જીવો સુધી વ્યાપ્ત કરી, એવા વિશ્વધર્મને એના સાચા સ્વરૂપમાં રજુ કરનારો પુરુષાર્થ ક્યાંય નજરે ચડતો નથી. જૈનેતર વર્ગમાં જૈન દર્શનનો પ્રચાર કરવાની વાત તો બાજુ પર રહી પણ આપણા પોતાના સંતાનો, ધર્મભાવનાથી વિમુખ થતા જાય છે. એ અટકાવવા માટે જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર અને વિજ્ઞાનની અનેક બાજુઓ, ઊગતા સમાજ આગળ બુદ્ધિગમ્ય રીતે રજૂ કરી શકે એવી કોઇ પ્રવૃત્તિ નજરે ચડતી નથી. આ એક દુઃખદ પરિસ્થિતિ છે. એમાં અનેક તત્વોએ ભાગ ભજવ્યો છે, પણ મને લાગે છે કે પોતાના ધર્મનું સાચું દર્શન જૈન-જૈનેતર સમાજને કરાવવું એ આજના જૈનોનો પ્રથમ ધર્મ ગણાવો જોઇએ.

જગત બદલાયું છે, જગતની પ્રણાલિકાઓ બદલાઈ છે. આર્થિક, સામાજિક અને રાજકારી ક્ષેત્રે અનેક વાદો અને માન્યતાઓ પ્રચલિત છે, એ સંજોગોમાં એક ધર્મ જ એવી ચીજ છે કે જે જીવન અને સમાજમાં એકવાક્યતા લાવી શકે અને વ્યક્તિ તથા સમાજના વિકાસમાં મદદ કરી શકે. હું નમ્રપણે માનું છું કે, આપણા જૈન ધર્મમાં એ તાકાત ભરી પડી છે, પણ એકલી શ્રદ્ધાને જોરે ધર્મનો ફેલાવો હવે અશક્ય બન્યો છે. બુદ્ધિગમ્ય અને તાર્કિક રીતે લોકોના મન આગળ ધર્મના વિચારો રજૂ નહિ થાય તો ધર્મ-ઉપાશ્રય અને મંદિરોમાં જ રહેશે અને માનવજીવનના વિકાસમાં એનો ફાળો અલ્પ બની જશે.

મિત્રો, આ વાત કરતી વખતે, હું બધા ફીરકાઓને એકત્રિત કરવાની કોઇ વાત નથી કરતો, પણ સામ્પ્રદાયિકતાના ઓપ વગરના અન્ય ધર્મ સાથે સરખામણી કરતી અને એનાથી વિશિષ્ટ એવી જૈન પ્રણાલિકાઓ-એનું તત્ત્વજ્ઞાન-સમાજશાસ્ત્ર અને વિજ્ઞાન વિગેરે માનવ જીવનને ઉપયોગી થાય એવા પ્રયાસો કરવાની હું હિમાયત કરૂં છું. આ કાર્ય માટે દેશના તત્ત્વજ્ઞાનીઓ, વિચારકો અને સંતોના જ્ઞાનનો ઉપયોગ કરીને કોઇપણ ફીરકાના નાના મોટા પ્રશ્નોમાં મતભેદમાં પડ્યા વગર જૈન ધર્મનું સમાજને દર્શન કરાવી શકાય એવી કોઇ યોજના ઘડી કાઢવાની વિનંતિ કરૂં છું.

મને ઘણીવાર લાગે છે કે આજનું બદલાયેલું વાતાવરણ ભગવાન શ્રી મહાવીરના ત્યાગ અને અપરિગ્રહની ભાવનાને સમજવા માટે ખૂબ ઉપયોગી થઇ શકે તેમ છે. માનવ જીવનને જૈન ધર્મના અહિંસા અને અપરિગ્રહના ઉપદેશની આજે જેટલી જરૂર છે તેટલી ક્યારેય નહોતી. અને સાથે સાથે એ ઉપદેશને પકડવા માટેનું અનુકૂળ વાતાવરણ પણ ક્યારેય નહોતું. હું આશા રાખું છું કે આપણે બધા અનુયાયીઓ ભગવાન શ્રી મહાવીરનો ઉપદેશ સમજવા અને જગત આગળ પહોંચાડવા માટે કટિબદ્ધ થઇએ.

—શ્રી મેઘજીભાઇ પેથરાજ

( કોન્ફરંસના વીસમા અધિવેશનના ઉદ્ઘાટન પ્રવચન પ્રસંગે )

Reg. N. B. 481 મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ-શ્રી આનંદ પ્રી. પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only